# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-04-2025** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે કલોલમાં ઇફકોના સ્વર્ણિમ જયંતી સમારંભમાં ઉપસ્થિત રહીને બીજ એકમનું ઉદ્ઘાટન કરશે.**
2. **આજે ભગવાન શ્રી કૃષ્ણ અને રૂકમણીના લગ્નોત્સવના મેળાનુ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ઉદ્ઘાટન કરશે.**
3. **સ્ટેટ જીએસટી વિભાગે પાન મસાલાના વેપારીઓ પાસેથી પાંચ કરોડથી વધુ રૂપિયાની કરચોરી ઝડપી.**
4. **આજથી બે દિવસ દરમિયાન કચ્છ સહિતના રાજ્યના કેટલાંક જિલ્લાઓમાં હીટવેવની આગાહી.**
5. **વિશેષ પૂજા અને મહાઆરતી સાથે રાજ્યભરમાં રામનવમીની ઉજવણી.**

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH GUJ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગુજરાતની મુલાકાતે છે. તેઓ આજે કલોલમાં ઇફકોના સ્વર્ણિમ જયંતી સમારંભમાં ઉપસ્થિત રહેશે. અમિત શાહ કલોલમાં ઇફકોમાં બીજ એકમનું સ્થાપન કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે..

---

# MADHAVPUR

ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નોત્સવનો પોરબંદરના માધવપુર ખાતે આજે પ્રરાંભ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે સાંજે ૬ વાગે મેળાનું ઉદ્ઘાટન કરશે. પોરબંદરના માધવપુર ગામે ભગવાનશ્રી કૃષ્ણ અને માતા રૂક્ષ્મણીજીના લગ્નની યાદમાં માધવપુરનો લગ્ન મેળો યોજાતો હતો અને તે વખતે ભગવાન જયારે પરણવા નીકળતા ત્યારે પોરબંદર સ્ટેટની પોલીસ દ્વારા ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવતું હતું. તે પરંપરાના ભાગરૂપે આજે પણ અહીં ગુજરાત પોલીસ દ્વારા ભગવાન માધવરાયજીને પરણવા નીકળે ત્યારે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે.

પ્રસ્તુત છે એક અહેવાલ.

## વોઇસ કાસ્ટ – મહેશ લુક્કા

---

# SOMNATH CELEBRATION

માધવપુરમાં આજે પરંપરાગત મેળો યોજાઇ રહ્યો છે. ત્યારે આ મેળાની ઉજવણીના ભાગરૂપે રાજ્યભરના અમદાવાદ સહિતના શહેરોમાં ઉત્તર પૂર્વના કલાકારો દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યાં છે ત્યારે પ્રસિધ્ધ યાત્રાધામ સોમનાથ ખાતે 400 જેટલા કલાકારોએ પરંપરાગત રીતે તેમના નૃત્ય રજૂ કર્યા હતા.. માધવપુરનો મેળો આજથી શરૂ થશે જે દસમી એપ્રિલ સુધી યોજાશે.

---

# MANSUKH MANDAVIYA

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે રાજકોટ , ગોંડલ, જેતપુર અને પોરબંદરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યાં છે. આજે સવારે ૦૬-૦૦ વાગ્યે રોટરી ક્લબ દ્વારા આયોજિત ૨૧ કી.મી.લાંબી 'સાઈકલો ફન-૨૦૨૫' તેમજ વિવિધ કાર્યક્રમમાં તેમણે હાજરી આપી હતી. તેમજ સાઇક્લોફનનો આરંભ કરાવ્યો હતો..

ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે ધ્વજ લેહરાવશે અને ગોંડલ ગુંદાળા રોડ સરસ્વતી શીશુમંદિરના નવા બિલ્ડીંગનું ખાતમુહુર્ત કરશે. બપોરે જેતપુરમાં રામજીમંદિર ખાતે રામનવમી નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં હાજરી અને દર્શન કરશે. પોરબંદર ખાતે ડીસ્ટ્રીકટ રૂરલ ક્રિકેટ એસોસિએશન દ્વારા તૈયાર કરવામાં આવેલ ક્રિકેટ પીચનું ઉદ્દઘાટન કરશે. તેઓ સાંજે ૬:૦૦ કલાકે વિશ્વવિખ્યાત માધવપુર મેળાના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

---

# GST CHORI

સ્ટેટ જીએસટી વિભાગને મળેલી ચોક્કસ બાતમીના આધારે પાન મસાલાના વેપારીઓને ત્યાં દરોડા પાડીને પાંચ કરોડથી વધુની કરચોરી પકડી પાડી છે..

સ્ટેટ GST વિભાગે બીજી એપ્રિલના રોજ ઉત્તર ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાત ખાતેના પાન મસાલા અને તમાકુના ઉત્પાદકોના ગોડાઉન તેમજ ઉત્પાદન સ્થળો ઉપર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

સ્ટેટ જીએસટી વિભાગે અમદાવાદ , વલસાડ, વાપી, પાલનપુર, ડિસા, હિંમતનગર ખાતે દરોડા પાડીને પાંચ કરોડ રૂપિયાની કરચોરી ઝડપી પાડી હતી..

---

# BJP STHAPNA DIWAS

આજે ભારતીય જનતા પાર્ટીનો સ્થપના દિવસ છે આ નિમિત્તે ભાજપ દ્વારા દેશભરની સાથેસાથે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યાજાઇ રહ્યાં છે. ત્યારે અમદાવાદ સહિત આજે સવારે ભાજપના કાર્યાલયો ઉપર તેની ઉજવણી કરાશે તેમજ ભાજપનો ધ્વજ લહેરાવવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં જ્યારે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ તેમના સુરત સ્થિતિ નિવાસ સ્થાને ધ્વજ લહેરાવીને સ્થાપના દિવસની ઉજવણી કરશે .

---

# KANDALA PORT

કંડલાના દીનદયાલ પોર્ટે ઓછા સમયગાળામાં 150 મિલિયન મેટ્રિક ટનથી વધુ કાર્ગો હેન્ડલિંગ કરીને દેશમાં પ્રથમ નંબર હાંસલ કર્યો છે. આગામી સમયમાં

વિવિધ બહુહેતુક પ્રકલ્પો સાથે આગળ વધીને આગામી નાણાકીય વર્ષમાં 170 મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો લક્ષ્યાંક પણ નિર્ધાર કરવામાં આવ્યો છે. આ અંગે દીનદયાલ પોર્ટ ઓથોરીટીના ચેરમેન સુશીલકુમાર સિંઘે વધુમાં માહિતી આપી.

<u>દીનદયાલ પોર્ટ ઓથોરીટીના ચેરમેન સુશીલકુમાર સિંઘ- બાઈટ</u>

---

# WEATHER

હવામાન વિભાગે આજથી ત્રણ દિવસમાં રાજ્યના મહતમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થવાની આગાહી વ્યક્ત કરી છે અને આજે અને આવતીકાલે કચ્છમાં હીટવેટ માટેનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ મહતમ તાપમાન 40 થી 43 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

આજે રાજકોટમાં અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ અને પોરબંદર ,જુનાગઢ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ.કે. દાસે વધુ માહિતી આપી.

**(BYTE: DR. A K DAS)**

---

# RAM-NAVAMI

આજે રાજ્ય સહિત દેશભરમાં રામ નવમીની પરંપરાગત ધાર્મિક ઉત્સાહ અને આસ્થા પૂર્વક ઉજવણી થઈ રહી છે. આ તહેવાર ભગવાન વિષ્ણુના સાતમા

અવતાર ભગવાન રામના આગમનનું પ્રતિક  કરે છે. ચૈત્ર મહિનાની સુદ નવમી તિથિએ રામનવમી ઉજવવામાં આવે છે. રામ નવમી પહેલા નવ દિવસનો ઉપવાસ રાખવામાં આવે છે.

આજે રાજ્યભરના રામ મંદિરોમાં રામનવમીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. પાટણ જિલ્લામાં  આજે રામનવમી નિમિત્તે શહેરમાં ભગવાન શ્રીરામની 38મી શોભાયાત્રા નીકળશે. તેમજ વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ અંગે પ્રસ્તુત છે એક અહેવાલ.

## (વોસ્ટકાસ્ટ – રમેશ સોલંકી)

---

# IMP. ANNOUNCEMENT

# <u>એક અગત્યની જાહેરાત</u>

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી  આજે તમિલનાડુનાં રામેશ્વરમ ખાતેથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીનાં સંબોધનનું સીધું પ્રસારણ આકાશવાણી પરથી બપોરનાં એક વાગીને 25 મિનિટે પ્રસારીત થશે. આનાં કારણે બપોરનાં 1.20 થી ગુજરાતીમાં પ્રસારીત થતાં રાષ્ટ્રીય સમાચાર 1.20થી 1.25 એમ પાંચ મિનિટનાં રહેશે.

અને બપોરનાં પ્રાદેશિક સમાચાર 2.30 ના બદલે 2.35 થી 2.40 દરમિયાન પ્રસારીત થશે. જ્યારે સમાચાર સમીક્ષા રદ રહેશે.

<u>અગત્યની જાહેરાત પૂરી થઈ.</u>

# GIR KANKAI MATA

ગીર જંગલ મધ્યે આવેલું કનકાઈ ધામ શકિત અને ભક્તિનું પ્રતીક છે. અહીં ચૈત્રી નવરાત્રી ભાવપૂર્ણ રીતે ઉજવવામાં આવી રહી છે. ચૈત્રી છઠથી આઠમ આમ ત્રણ દિવસ ભવ્ય ઉજવણી થાય છે. ગઇકાલે ચૈત્રી આઠમના દિવસે હજ્જારો ભક્તો દર્શન માટે પહોંચ્યા હતા. અહિ આઠમનો નવચંડી યજ્ઞ યોજાયો હતો. સેંકડો ભાવિકોએ માતાજીના દર્શન, આરતી પૂજન કર્યા હવનના દર્શન કર્યા હતા તેમ મંદિરના પૂજારી હરિભાઇ જાનીએ જણાવ્યું હતું.

## બાઇટ- હરિભાઇ જાની , પૂજારી , કનકાઇ માતાજી મંદિર

---